અપીલ અરજી નં.૧૧૯ તા.૨૮–૬–૧૦/૧૧

અરજદારઃ– શ્રી રાજકુમાર ગ્યાનચંદ વટવાની
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી રાજકુમાર ગ્યાનચંદ વટવાની ની તા.૨૪–૫–૧૦ નીઅરજીથી (૧) સુરત ડીસ્ટ્રીકટ ચોર્યાસી સબ ડીસ્ટ્રીકટ, મોજે રાંદેર ના સર્વે નં. ૧૨૮ પૈકી ૫ર આવેલ રામનગર વસાહતમાં આશરે ૧૫૦ જેટલી દુકાન આવે છે. તે પૈકી કેટલી દુકાનો નો પ્લાન મંજુર છે. તેની વિગત આપવી વિ. મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૮–૬–૧૦ ની **SMC/FAP/** નં.૧૧૯/૨૦૧૦–૧૧

શ્રી રાજકુમાર ગ્યાનચંદ વટવાની ની તા.૨૪–૫–૧૦ ની અરજીથી (૧) સુરત ડીસ્ટ્રીકટ ચોર્યાસી સબ ડીસ્ટ્રીકટ, મોજે રાંદેર ના સર્વે નં.૧૨૮ પૈકી ૫ર આવેલ રામનગર વસાહતમાં આશરે ૧૫૦ જેટલી દુકાન આવે છે. તે પૈકી કેટલી દુકાનો નો પ્લાન મંજુર છે. તેની વિગત આપવી વિ. મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતિ અધિકારી રાંદેરઝોનના પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ/ ૧૮૦ તા.૨૪–૬–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૬–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૫૭ તા. ૬–૭–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૨૧૫ તા.૧૪–૭–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૧૮૦ તા.૨૪–૬–૧૦ ના પત્રની નકલ, અરજદારને ફરીયાદ અરજી બાબતે પશ્ચિમઝોન/આ.નં.૧૧૬ તા.૭–૫–૧૦ થી પાઠવેલ પત્રની નકલ, કલમ–૨૬૮ હેઠળ પાઠવેલ પત્ર નં.ટીડીઓ/૧૭૫ તા. ૨૨–૫–૧૦ ના પત્રની નકલ, અરજદારના તા.૨૪–૫–૧૦ ના પત્ર અંગે પાઠવેલ જવાબ પશ્ચિમઝોન/આ.નં.૧૮૫ તા.૨૮–૫–૧૦ ના પત્રની નકલ, અરજદારના તા.૨૯–૬–૧૦ ના પત્ર અંગે પાઠવેલ જવાબ પશ્ચિમઝોન/આ.નં.૯૩૫ તા.૮–૭–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૪–૫–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન રાંદેર ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ/ આ.નં.૧૮૦ તા.૨૪–૬–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ. જેના સંદર્ભે મળેલા પ્રતિભાવના દુકાન નં.૨૯ રાજુ વીડીયો મુદ્દા નં.૨ અને ૩ ની માહિતી કચેરીના રેકર્ડ ઉપલબ્ધ ન હોવાનું જણાવવામાં આવેલ છે. તેનાથી નારાજ થઈ તા.૨૮–૬–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં કયા આધારે વિભાગે એક મિલ્કતનું ડીમોલીશન કર્યુ તથા કયા આધારે બે દુકાનોને સીલ કરી અને કરેલી કાર્યવાહીની વિગતની માંગણી કરેલ છે. જેમાં મુદ્દા નં. (૧) સુરત ડીસ્ટ્રીકટ ચોર્યાસી સબ ડીસ્ટ્રીકટ, મોજે રાંદેર ના સર્વે નં.૧૨૮ પૈકી ૫ર આવેલ રામનગર વસાહતમાં આશરે ૧૫૦ જેટલી દુકાન આવે છે. તે પૈકી કેટલી દુકાનો નો પ્લાન મંજુર છે. તેની વિગત આપવી તેમજ તેની નકલ આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર માહિતી ઝોન કચેરીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.૨ સદર દુકાનો પૈકી કેટલી દુકાનો ગેરકાયદેસર બાંધકામ વાળી છે. અને તેની સામે શું કાર્યવાહી કરવામાં આવેલ છે તેની વિગત આપવી તેમજ તેની નકલ આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર માહિતી ઝોનની કચેરીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૩ હાલમાં ગેરકાયદેસર દુકાનો પૈકી કેટલી દુકાનોને સીલ મારવામાં આવેલ છે અને કેટલી દુકાનોને સીલ મારવામાં આવેલ નથી. તેના કારણો જણાવવા તથા તેની નકલ આપવી. તેવા પશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ હેઠળ ફકત રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી જ આપવાની આવે છે. સદર માહિતી ઝોનની કચેરીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં. ૪ હાલમાં જે દુકાનોને સીલ મારવામાં આવેલ છે તેના માટે કાયદાકીય તમામ કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ? તેની વિગત આપવી તેમજ સીલ મારવા માટે મિલ્કતધારકોને અગાઉથી કેટલા દિવસથી નોટીસ આપવામાં આવેલી અને આપવામાં આવેલી કે કેમ? તેની વિગત આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી હાલમાં જે દુકાનોને સીલ મારવામાં આવેલ છે તે દુકાનોને સીલ મારતા પહેલા આપના ધ્વારા કરવામાં આવેલ બાંધકામ મંજુર પ્લાન તથા રજાચિઠ્ઠી ઝોનની કચેરીમાં દિન–૭ માં રજૂ કરવી જો તેમ ન કરો તો બાંધકામ ગેરકાયદસર ઘણી ઝોન કચેરીએથી સીલ મારવામાં આવશે. એ રીતે આગોતરો જાણ કરતો પત્ર તા.૭–૫–૧૦ થી તમોને આપવામાં આવેલ તમારા ધ્વારા તે મુજબની કાર્યવાહી ન કરતાં ઝોન કચેરીએથી તા.૨૨–૫–૧૦ થી સીલ મારવામાં આવેલ છે. તમોને સીલ મારવા અગાઉ જે જાણ કરેલી તે પત્રની નકલ રૂા.૨ લેખે ભરપાઈ કર્યેથી ઉપલબ્ધ થઈ શકશે. તેવું જણાવેલ છે. મુદૃા નં.૫ હાલમાં જે દુકાનમાં નોટીસ વગર સીલ મારવામાં આવેલ છે અને જો તેમાં ખાદ્યપદાર્થ અને બગડી જાય તેવો પદાર્થનો મોટો સ્ટોક હોય અને જો સ્ટોક બગડી જાયતો નુકશાનીની જવાબદારી કોની રહેશે. તેની માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તા.૨–૬–૧૦ થી સદર મિલ્કતને મારવામાં આવેલ સીલ ખોલી નાંખવામાં આવેલ તેવું જણાવેલ છે.

અરજદારે અપીલમાં મુદ્દા દુકાન નં.૨૯ રાજુ વીડીયો નં.૨અને ૩ ની માહિતી રેકર્ડ ઉપલબ્ધ ન હોવાનું જણાવવામાં આવે છે. તો કયા અધારે આપના વિભાગને એક મિલ્કતનું ડીમોલીશન કર્યુ તથા કયા આધારે બે દુકાનોને સીલ કરી અને કરેલી કાર્યવાહીની વિગત આપવા રજૂઆત કરેલ છે. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને પાઠવેલ તા.૭–૫–૧૦ તા.૨૨/૨૮–૫–૧૦ પત્રોમાં અરજદારને પૂરતી વિગતો આપેલ હોવાનું જણાય છે. અપીલ તબકકે અરજદારની મુદ્દા નં.૨ અને ૩ ની માહિતી અંગે તકરાર છે. જે માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા દફતરે ઉપલબ્ધ ન હોવાનું તથા રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી આપવાનું જણાવી ઈન્કાર કરેલ છે. એક જ વિસ્તારમાં મિલ્કતોને અલગ ધોરણ આપનાવવાનો મુદ્દો અરજદારે ઉપસ્થિત કરેલ છે. તે હકીકત ધ્યાને લેતાં મુદ્દા નં.૨ ની દફતરી હકીકતલક્ષી માહિતી બાંધકામ રજીસ્ટરની વિગતે આપવા પાત્ર થાય તથા મુદ્દા નં.૩ અંગે જો કોઈ કાર્યવાહી કરેલ હોય તો તે આપવાપાત્ર થાય. અન્યથા તે અંગેના કારણસહ તેમ જણાવવું રહે. કાયદાના આમુખથી ચરિતાર્થ થયેલ પારદર્શિતાની ભાવના અને હેતુ ધ્યાને રાખી આ માહિતી આપવા યોગ્ય થાય.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨૪–૫–૧૦ ની અરજીથી માંગેલ માહિતી તથા માહિતી પૈકી મુદ્દા નં.૨ અને ૩ ની નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન .. ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી રાજકુમાર ગ્યાનચંદ વટવાની,